BRAMPTON **Service and Information Update**

ફેબ્રુઆરી 14, 2023

# મેરેજ લાઈસન્સની અરજીઓ હવે ઓનલાઈન કરી શકાય છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – સીટી ઑફ઼ બ્રેમ્પટનમાં, મેરેજ લાઇસન્સની એપ્લિકેશન્સ (લગ્ન પરવાનાની અરજીઓ) હવે 24/7, ઓનલાઇન કરી શકાય છે. રહેવાસીઓ મેરેજ લાઇસન્સના ડિજિટલ પોર્ટલ પર જઇને અરજી કોઇપણ સમયે કરી શકે છે. અગાઉ, સીટી ઑફ઼ બ્રેમ્પટન રૂબરૂમાં સીટી હૉલમાં માત્ર કાગળ-અધારિત અરજીઓ સ્વીકારતું હતું.

ઓનલાઇન મેરેજ લાઇસન્સ અરજી ભરીને મોકલવાથી, અરજદારને રેફ઼રન્સ નંબર મળશે જેની જરૂર મેરેજ લાઇસન્સ લેવા સીટી હૉલમાં આવો ત્યારે પડશે.

નવા મેરેજ લાઇસન્સ એપ્લિકેશન પોર્ટલ પર જવા વેબસાઇટ www.brampton.ca/marriageservices જુઓ.

**મેરેજ લાઈસન્સીસ વિશે**

મેરેજ લાઇસન્સ આપ્યાની તારીખથી ત્રણ મહિના સુધી ઓન્ટેરિયોમાં કોઇપણ જગ્યાએ માન્ય રહે છે અને પ્રોવિન્સમાંની મોટા ભાગની મ્યુનિસિપાલિટીસમાં ઉપલબ્ધ છે.

ઓન્ટેરિયોમાં પરણનાર લોકોએ પરણતા પહેલાં મેરેજ લાઇસન્સ અચૂક મેળવવું રહ્યું. (લગ્ન) પ્રસંગ થયા પછી લાઇસન્સ આપી શકાતું નથી.

**સિવિલ મેરેજ પ્રસંગો**

સિવિલ મેરેજ પ્રસંગો બ્રેમ્પટન સીટી હૉલમાં દર મંગળવારથી શુક્રવાર સુધી, કામકાજના કલાકોમાં યોજાવાનું ચાલુ છે.

ગત 2022 માં, 1,300 સિવિલ મેરેજ પ્રસંગો થયા હતા. વર્ષ 2016 થી, કર્મચારીઓએ 3,000 ઉપરાંત પ્રસંગોનું આયોજન કર્યું છે.

સીટી ઑફ઼ બ્રેમ્પટનના સીવીલ મેરેજ પ્રસંગો વિશે વધુ જાણવા **અહીં** ક્લિક કરો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ઼ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca